ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

મંગળવાર ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬

નડિયાદના ઉત્તરસંડામાં ભૂવાગીરી અને મેલી વિદ્યાનો ડર બતાવી કિંમતી જમીનો હડપવાનું કારસ્તાન

ઉતરસંડામાં આશ્રમ સંચાલકો દ્વારા જમીન હડપવાનો પ્રયાસ

આંગણવાડીનું કામ અટકાવાતા કલેક્ટરને રજૂઆત

રહીશોએ પોલીસ પ્રોટેક્શન સાથે કામગીરી પૂર્ણ કરવા કરી માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

નડિયાદ મહાનગરપાલિકાના ઉત્તરસંડા અને ફતેપુરા સીમ વિસ્તારમાં વિકાસ કામોમાં અડચણરૂપ બનતા અને ધર્મના નામે સરકારી જમીનો પર દબાણ કરતા તત્વો સામે સ્થાનિક રહીશોનો રોષ ફાટી નીકળ્યો છે. રક્ષેશ્વર મહાદેવ મંદિરમાં રહેતા એક મહારાજ દ્વારા ગેરકાયદેસર આશ્રમ ઉભો કરી કુદરતી વહેળો બંધ કરી દેવાતા અને બાળકો માટે મંજૂર થયેલી આંગણવાડીનું બાંધકામ અટકાવી દેવાતા સ્થાનિક રહીશોએ કલેક્ટર કચેરીએ ધા નાખી છે. લોકોનો ગંભીર આક્ષેપ છે કે, સાધુના વેશમાં આ તત્વો દ્વારા મેલી વિદ્યાના ડર બતાવી કિંમતી જમીનો પચાવી પાડવાનું વ્યવસ્થિત કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે.

ઉત્તરસંડામાં નવાકુવા અને ફતેપુરા રોડ ઉપર આંગણવાડી બનાવવા માટે સરકારી ઠરાવ અને નિયમોનુસાર જમીન ફાળવીને ગ્રાન્ટ પણ મંજૂર કરવામાં આવી હતી. પરંતુ જ્યારે કોન્ટ્રાક્ટર દ્વારા બાંધકામ

શરૂ કરાયું ત્યારે રક્ષેશ્વર મહારાજ નામ ધારણ કરનારા શખ્સ અને તેના સાગરીતોએ ભારે વિક્ષેપ ઉભો કર્યો હતો. આ અંગે સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ લોકોએ આંગણવાડી તોડી પાડવાની અને જો કામ થશે તો ગંભીર પરિણામો ભોગવવા પડશે તેવી ધમકીઓ આપી છે. ખેડૂતો અને શ્રમજીવી પરિવારોના બાળકોના શિક્ષણ માટે મહત્વની આ આંગણવાડીમાં માત્ર જમીન પચાવી પાડવાના ઈરાદે રુકાવટ ઉભી કરાઈ રહી છે.

આ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, આશ્રમ સંચાલકોએ ખેતરોના કુદરતી ઢાળ અને પાણીના નિકાલની નાની નાળીઓ તથા કાંસ પર ગેરકાયદેસર દબાણ કર્યું છે. આ કારણે ચોમાસા દરમિયાન અને સિંચાઈનું પાણી ખેતરોમાં ફરી વળતા ઉભા પાકને ભારે નુકસાન થાય છે. ખેડૂતો જ્યારે રજૂઆત કરવા જાય છે ત્યારે તેમને કોર્ટ કચેરીના ડર બતાવી હેરાન કરવામાં આવે છે. આ ઉપરાંત ગોચરની જમીન પર પણ પથ્થરો નાખી અને દિવાલો ચણી લઈ ગેરકાયદેસર કબજો જમાવવામાં આવ્યો છે.

સ્થાનિક રહીશોએ માંગ કરી છે કે, કલેક્ટર દ્વારા આ વિસ્તારની જાત તપાસ કરવામાં આવે અને સરકારી જમીન પર થયેલા દબાણો તાત્કાલિક દૂર કરવામાં આવે. જે જગ્યા આંગણવાડી માટે ફાળવવામાં આવી છે ત્યાં પોલીસ પ્રોટેક્શન સાથે કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ સાથે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. જો તંત્ર ત્વરિત પગલાં નહીં લે તો આગામી સમયમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચિમકી પણ રહીશોએ ઉચ્ચારી છે.

‘ગાંધીનગરથી ફોન છે’ કહી કામ અટકાવ્યું ?

નડિયાદના ઉતરસંડામાં આંગણવાડીનું કામ પ્લિન્થ લેવલ સુધી પહોંચ્યું ત્યારે અચાનક કોન્ટ્રાક્ટરે કામ બંધ કરી દીધું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે, ગાંધીનગરથી કોઈ મોટા સાહેબનો ફોન આવ્યો છે અને કામ બંધ કરવાનું કહ્યું છે. આ ટેન્ડર પ્રક્રિયા અને સરકારી મંજૂરી બાદ શરૂ થયેલું કામ માત્ર એક ફોન પર કેવી રીતે અટકી શકે ? તેવા સવાલો લોકો ઉઠાવી રહ્યા છે.

જમીન પચાવવા ખોટું સ્મશાન ઉભું કરી દેવાયું

આશ્રમની ટોળકીએ જમીન પચાવી પાડવા નવો કીમિયો અપનાવ્યો છે. સર્વે નંબર 333 વાળી સરકારી ગોચરની જમીન પર ગેરકાયદેસર પથ્થરો ગોઠવી ત્યાં સ્મશાન હોવાનું ચિત્ર ઉભું કર્યું છે. વાસ્તવમાં રેવન્યુ રેકોર્ડ પર ત્યાં કોઈ સ્મશાન નથી, પરંતુ અંધશ્રદ્ધાનો લાભ ઉઠાવી જમીન કવર કરવાનો આ એક કારસો હોવાનું આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે.

આણંદમાં પતંગની ઘાતક દોરીએ કિશોરીનું ગળું ચીર્યું

સાંગોડપુરાની કિશોરી એક્ટિવા પર જઈ રહી હતી ત્યારે બની ઘટના

(પ્રતિનિધિ) આણંદ તા.12

ચરોતરમાં ઉત્તરાયણ પર્વ નજીક આવતાની સાથે જ પતંગની દોરીથી ગળું કપાવાના તેમજ ઊંચાઈ પરથી પડી જવાના કિસ્સામાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. આવી જ એક ગંભીર ઘટના આણંદમાં બની હતી. જેમાં પતંગની દોરીથી ગળું કપાતા એક કિશોરી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી હતી. જોકે, 108ની ટીમ સમયસર પહોંચી ગઇ હતી અને જરૂરી સારવાર આપી કિશોરીને વધુ સારવાર માટે હોસ્પિટલમાં

ખસેડી હતી.

આણંદના સાંગોડપુરા વિસ્તારમાં રહેતી એક 15 વર્ષીય કિશોરી એક્ટિવા લઈને જઈ રહી હતી. આ દરમિયાન અચાનક પતંગની દોરી તેના ગળાના ભાગે આવી જતાં ગંભીર ઈજા થઈ હતી. લોહીલુહાણ હાલતમાં કિશોરીને તાત્કાલિક સારવાર માટે આણંદ નગરપાલિકા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. કિશોરીની ઈજા અત્યંત ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે શિફ્ટ કરવી જરૂરી હતી.

આ અંગેની જાણ થતા જ ટાઉનહોલ આણંદની 108 એમ્બ્યુલન્સના પાયલોટ અનિલભાઈ રોહિત અને ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયન અંકુર દેસાઈ તાત્કાલિક મદદે પહોંચ્યા હતા. આ ટીમે દર્દીને અત્યંત ઝડપથી આણંદ સિવિલ હોસ્પિટલથી કરમસદ હોસ્પિટલ ખાતે સહી-સલામત રીતે શિફ્ટ કરી સારવાર અપાવી હતી. આમ, 108 એમ્બ્યુલન્સની આ ત્વરિત અને જીવનરક્ષક કામગીરીને પગલે કિશોરીના પરિવારજનોએ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ઉત્તરાયણ પૂર્વે જ આણંદમાં 108 એમ્બ્યુલન્સમાં પતંગની દોરીથી ગળું કપાવાના કેસોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

સામરખામાં કારની ટક્કર બાઈક સવાર યુવકનું મોત

સામરખાના પરિવારે એકનો એક પુત્ર અકસ્માતમાં ગુમાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.12

આણંદના સામરખા ગામમાં જુની પાણીની ટાંકી પાસે પુરપાટ જતી કારના ચાલકની બેદરકારીથી બાઇક હડફેટે ચડી ગયું હતું. જેના કારણે બાઇક સવાર 22 વર્ષિય યુવકનું મોત નિપજ્યું હતું.

આણંદના સામરખા ગામમાં રહેતા ભરતભાઇ રમણભાઈ શર્મા વીજ કંપનીમાં ઇલેક્ટ્રીક લાઇનમેન તરીકે નોકરી કરે છે. તેમને સંતાનમાં એકાએકનો પુત્ર મનન (ઉ.વ.22) હતો. જે હેર કટીંગ અને વાયરમેનનું કામ કરતો હતો. દરમિયાનમાં 11મી જાન્યુઆરીના રોજ સવારના આશરે આઠેક વાગ્યાના સુમારે ભરતભાઇ નોકરી પર હતાં તે સમયે મનન ઘરેથી બાઇક લઇને સામરખા ગામ તરફ નિકળ્યો હતો. પરંતુ બપોરના બારેક વાગ્યાના સુમારે શિવાય ટાઉનશીપ નજીક જીઈબી ડીપી પાસે સામેથી આવતી કાર નં.જીજે 23 સીજે 1154ના ચાલક મીતકુમાર રમેશભાઈ ઠાકોર (રહે. સામરખા)ની બેદરકારીથી મનના બાઇક સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મનનને ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબિબે તેને મૃત્યુ પામેલો જાહેર કર્યો હતો. આ અંગે ભરતભાઈ શર્માએ આણંદ ગ્રામ્ય પોલીસ મથકે કાર ચાલક મીતકુમાર રમેશ ઠાકોર (રહે. શક્તિનગર, સામરખા) સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદમાં વિધર્મી શખસે સગીરા પર દૂષ્કર્મ ગુજાર્યું

જીમમાં મિત્રતા કેળવી અવાર નવાર ગાડીમાં લઇ જઇ કૂકર્મ આચરતો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.12

આણંદમાં વિધર્મી શખસે માત્ર 16 વર્ષની સગીરા સાથે મિત્રતા કેળવ્યા બાદ તેને કારમાં વિવિધ સ્થળે લઈ દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે સગીરાના પરિવારજનોને જાણ થતાં તેણે વિધર્મી સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદમાં રહેતા પરિવારની 16 વર્ષિયની દિકરીને ધો.10નું વેકેશન ચાલતું હોવાથી તેને જીમ જોઇન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આથી, તેને 1લી મે, 2025ના રોજ વિદ્યાનગરના ઈસકોન મંદિર રોડ નજીક આવેલા એલાયન્સ ફિટનેસ નામના જીમમાં મોકલવાનું નક્કી કર્યું હતું. દરમિયાનમાં તેની મિત્રતા યાસીન અબ્દુલહનીફ પઠાણ (રહે. મિલ્લતનગર, આણંદ) સાથે થઇ હતી. આ અંગે પરિવારમાં જાણ થતાં જીમ બંધ કરાવી દીધું હતું. આમ છતાં બન્નેનું મળવાનું ચાલુ રહ્યું હતું. જે બાબતનો ભાંડો ફુટતાં પરિવારજનોએ સગીરાની પુછપરછ કરતાં સોશયલ મિડિયામાં વાતો કરતા હોવાનું જાણવા મળ્યું હતું.

આ ઉપરાંત યાસીન તેની કારમાં તેને એક બિલ્ડીંગના બેઝમેન્ટ પાર્કીંગમાં લઇ ગયો હતો અને ગાડીમાં મરજી વિરૂદ્ધ દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ ઘટનાના થોડા દિવસ બાદ યાસીન તેને લાંભવેલ રોડ પર કેનાલ નજીક લઇ ગયો હતો અને કારમાં ફરી દૂષ્કર્મ ગુજાર્યું હતું. આમ, અવાર નવાર તે કારમાં લઇ જતો હતો અને શરીર સંબંધ બાંધતો હતો. જો સગીરા ના પાડે તો તેને વારંવાર બદનામ કરવાની ધમકી આપતો હતો. આ સાંભળી પરિવારજનો ચોંકી ગયા હતા અને આણંદ ટાઉન પોલી સમથકે યાસીન અબ્દુલહનીફ પઠાણ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ ઈન્સ્પેક્ટર વી.ડી. ઝાલાએ જણાવ્યું હતું કે, યાસીનના પિતાને ઈંટોનો ભઠ્ઠો હતો અને ત્યાં કામ કરતો હતો. યાસીન સામે ગુનો નોંધાયા બાદ તેની ધરપકડ કરી જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપ્યો છે.

મહે’વાદમાં મકાનમાંથી 11.18લાખનીમત્તાચોરાઈ

પુત્રની સારવાર કરાવવા સુરત ગયેલા પરિવારના ઘરમાં ખાતર પડ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

મહેમદાવાદ તાલુકાના વાંઠવાડીના રામજી ફળિયામાં રહેતા બહાદુર મુન્નાલાલ શર્માનો પુત્ર અભિષેક છેલ્લા કેટલાક સમયથી મગજની ગંભીર બીમારીથી પીડાતો હોવાથી, તેને ઉચ્ચ સારવાર અપાવવા માટે આખો પરિવાર 8 જાન્યુઆરી 2026ના રોજ ઘરને તાળું મારી સુરતની હોસ્પિટલમાં ગયો હતો. પરિવાર જ્યારે હોસ્પિટલમાં પુત્રની સારવારમાં વ્યસ્ત હતો, ત્યારે તારીખ 8 થી 11 જાન્યુઆરી દરમિયાન અજાણ્યા તસ્કરોએ બંધ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

વાંઠવાડીમાં ત્રાટકેલા તસ્કરોએ ઘરમાં રહેલા બે લાકડાના કબાટ તોડીને તમામ સામાન અને કપડાં વેરવિખેર કરી નાખ્યા હતા અને સોના-ચાંદીના કિંમતી દાગીનાની ચોરી કરી હતી. ચોરાયેલા ઘરેણાંમાં સોનાની વીંટીઓ, ચેન, રુદ્રાક્ષની ચેન, કડા તેમજ ચાંદીના છડા, સિક્કા, મૂર્તિઓ અને ગ્લાસનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત 6,35,000 આંકવામાં આવી છે. આ ઉપરાંત, તસ્કરોએ કબાટમાં રાખેલા 4,65,000 રોકડા અને 18,000ની કિંમતના 200 અમેરિકન ડોલર પર પણ હાથફેરો કર્યો હતો. આમ, સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ 11,18,000ની મતાની ચોરી થઈ છે. આ સમગ્ર બનાવ અંગે સુનીતાબેન રાજ બહાદુર શર્માએ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આણંદના સરદાર પટેલ રાજમાર્ગ પર સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા સ્થપાશે

આણંદ મનપાની સંકલન સમિતિની બેઠકમાં નિર્ણય લેવાયો

(પ્રતિનિધિ) આણંદ તા.12

કરમસદ - આણંદ મનપાના સભાખંડ ખાતે કમિશનર મિલિંદ બાપનાના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આણંદના ધારાસભ્ય દ્વારા મનપા વિસ્તારમાં સરદાર પટેલ રાજમાર્ગ પર અંબા માતાના મંદિર સર્કલ પાસે સ્વામી વિવેકાનંદજીની પૂર્ણ કદની પ્રતિમા મૂકવા માટે સૂચન કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનરે આ સૂચનને ગ્રાહ્ય રાખીને આ કામગીરી વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

કરમસદ - આણંદ મનપાની સંકલન બેઠકના પ્રારંભમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર એસ.કે. ગરવાલ દ્વારા સાંસદ મિતેશભાઈ પટેલ અને ધારાસભ્ય યોગેશભાઈ પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કમિશનર મિલિંદ બાપનાએ જણાવ્યું હતું કે, કોર્પોરેશનના વિકાસ માટે ધારાસભ્ય અને સાંસદ સભ્યના સૂચનો ખૂબ જ જરૂરી અને સ્વીકાર્ય છે. તેમણે અધિકારીઓને પરસ્પરના સંકલનમાં રહીને પ્રજાલક્ષી કાર્યો ઝડપથી કરવા અને જનપ્રતિનિધિઓના પ્રશ્નોનો તુરંત હકારાત્મક ઉકેલ લાવવા અનુરોધ કર્યો હતો.

ક્યા - ક્યા મુદ્દે ચર્ચા કરી નિર્ણય લેવાયો હતો ?

- આણંદ વિદ્યાનગર રોડ પર વૃંદાવન ગ્રાઉન્ડ ખાતે કન્વેન્શન સેન્ટર બનાવવું.
- સ્થાનિક તળાવોને વિકસાવી ‘મિની કાંકરિયા’ જેવું પ્રવાસન સ્થળ તૈયાર કરવું.
- ટાઉનહોલનું નવીનીકરણ અને આસપાસની જગ્યામાં થીમ પાર્કનું નિર્માણ.
- વિદ્યાનગર ભાઈકાકા સ્ટેચ્યુ પાસે ઓવરબ્રિજ અને અટલચોક ઓવરબ્રિજની કામગીરી.
- બાકરોલ ગેટથી જોળ સુધીનો ફોર લેન રોડ અને વિવિધ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા.
- ગામડી ગામમાં વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર લાઈન અને સોસાયટીઓમાં ગટરની સુવિધાઓ.

આણંદ શહેરના આધુનિકીકરણ માટે વિવિધ પ્રકલ્પોનું આયોજન સંકલન સમિતિની બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ માટે અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષક જે. એન. પંચાલ, કાર્યપાલક ઈજનેર હિતેશ ગઢવી, સીટી ઈજનેર જીગર પટેલ સહિત ફોરેસ્ટ, સિંચાઈ, શિક્ષણ, આરોગ્ય અને ફાયર વિભાગના ઉચ્ચ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

તારાપુરમાં ડિવાઈડર સાથે કાર અથડાતાં ચાલકનું મોત

ધર્મજના રહિશ કાર લઇને કંપનીના કામે ઘરેથી નિકળ્યાં હતાં

(પ્રતિનિધિ) તારાપુર તા.12

તારાપુરમાં પુરપાટ ઝડપે જતી કારના ચાલકની બેદરકારીથી તે ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઇ હતી. જેના કારણે ચાલકને ગંભીર ઈજા પહોંચતા સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ અંગે તારાપુર પોલીસે ગુનો નોંધ્યો હતો.

પેટલાદના ધર્મજ ગામમાં રહેતા વિપુલભાઇ આશાભાઈ પટેલ વી.એન. હાઈસ્કૂલમાં જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે. તેમના મકાનની સામે સચિન સુરેન્દ્રભાઈ પટેલનું મકાન આવેલુ છે. જેઓ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. દરમિયાનમાં સચિનભાઇ 11મી જાન્યુઆરીના રોજ કંપનીના કામ સબબ પોતાની કાર નં.જીજે 23 સીડી 7602 લઈને ઘરેથી નિકળ્યાં હતાં. રાત્રિના સુમારે તારાપુર નજીક સચિનભાઈને અકસ્માત નડ્યો હતો. આથી, વિપુલભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યાં હતાં.

આ અંગે તપાસ કરતાં તારાપુર પેટ્રોલ પંપ નજીક સચિનભાઇ પુરઝડપે કાર ચલાવતા હતાં, તે સમયે કાબુ ગુમાવતાં ડિવાઈડર સાથે કાર અથડાઈ હતી અને અકસ્માતમાં તેમને ગંભીર ઈજા પહોંચતાં સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ અંગે તારાપુર પોલીસે વિપુલભાઈની ફરિયાદ આધારે મૃતક સચિનભાઇ પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તારાપુર પાસે સર્જાયેલા આ અકસ્માતથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

આણંદમાં પશુ-પક્ષીઓની દરકાર માટે ચિકિત્સકો ખડેપગે રહેશે

તમામ તાલુકાઓમાં સવારે 8થી રાત્રીના 8 કલાક સુધી ઘાયલ પક્ષીઓને વિનામુલ્યે સારવાર કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા 12

પક્ષીઓને મુક્ત ગગનમાં ઉડવાનો અને જીવવાનો અધિકાર છે, તેથી આગામી 20 જાન્યુઆરી સુધી આણંદ જિલ્લામાં ઉતરાયણ પર્વ નિમિત્તે ઘાયલ પક્ષીઓની સારવાર માટે કરૂણા અભિયાન આયોજિત કરવામાં આવ્યું છે.

આણંદ જિલ્લામાં કરુણા અભિયાન અંતર્ગત જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ પક્ષીઓને બચાવવા માટે જુદા-જુદા પશુ સારવાર કેન્દ્રોની વ્યવસ્થા કરી છે. તેમજ જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ પણ શરુ કરવામાં આવ્યો છે. કરુણા અભિયાન અંતર્ગત દરેક તાલુકાઓમાં સવારે 8 કલાક થી રાત્રીના 8 કલાક સુધી તમામ ઘાયલ પક્ષીઓને વિના મુલ્યે સારવાર આપવામાં આવશે.

ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટે વન વિભાગનો હેલ્પલાઈન નંબર- 02692 264855 સ્વયં સંચાલિત વેબસાઈટ હેલ્પલાઈન નંબર -8320002000 પર “કરુણા” લખી વોટ્સએપ કરી શકાશે તેમજ એનિમલ હેલ્પલાઈન નંબર- 1962 પર સંપર્ક કરી શકાશે. આણંદ જિલ્લાની તમામ જનતાને જણાવવાનું કે, ઉતરાયણ પર્વ દરમ્યાન આપની આસપાસ જો ઘાયલ પશુ-પક્ષી જણાય તો નજીકના પશુ સારવાર કેન્દ્રો ખાતે પહોંચતા કરવા પણ અનુરોધ કરાયો છે.

આ ઉપરાંત પશુ દવાખાનાનું નામ,સરનામા તથા સંપર્ક નંબર પણ કાર્યરત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત આણંદમાં સંપર્ક 81406 32576, 95377 15816, 98790 27547, આંકલાવમા 98982 76465, 89809 71400, બોરસદમાં 972370 8507, 98795 30596, ખંભાત 99258 91541, 97238 27995, પેટલાદમાં 90339 71606, 78748 24417, ઉમરેઠમાં 706932 4727,97277 48150, તારાપુરમાં 70203 03966, 94272 01662, સોજીત્રામાં 98251 24832, 94285 97001 ઉપર સંપર્ક કરી શકાશે.

સેવાભાવી સંસ્થાઓનું પક્ષી બચાવો અભિયાન

આણંદ જિલ્લામાં અન્ય સહયોગી સંસ્થાઓ પણ ઉતરાયણના પર્વ નિમિત્તે પક્ષી બચાવો અભિયાનમાં સહભાગી થનાર છે. જે નંબર ઉપર સંપર્ક કરવાથી ઘાયલ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળશે. જેમાં દયા ફાઉન્ડેશન 98241 04196, આણંદ એનિમલ હેલ્પલાઇન 95 377 78000, સર્વ ધર્મ જીવ દયા સંઘ 94 0 96 96 752 , સત્યમ ફાઉન્ડેશન 99 7 42 74098 અને 98 98 17 98 44, જૈન એલર્ટ ગ્રુપ 90334 74041, ખંભાતી જૈન મિત્ર મંડળ 70 168 82 676, ખંભાત બર્ડ્સ કેમ્પ 77 77 90 48 97, નેચર હેલ્પ ફાઉન્ડેશન વિદ્યાનગર 98 2 45 27 6 36, વિદ્યાનગર નેચર ક્લબ 966 20 42 170, જૈન એલર્ટ ગ્રુપ પેટલાદ 94 2 68 0 87 77, સ્પીક ફોર સ્પિચલેશ ફાઉન્ડેશન આણંદ 97243 35 545, આર.આર.એસ.એ ફાઉન્ડેશન જોડ આણંદ 97 24 000939 અને વોલન્ટરી નેચર કંજર્વેશન વીવી નગર 98 98 14 21 70 ઉપર સંપર્ક કરવાથી આ સંસ્થાઓ દ્વારા પણ ઘાયલ પક્ષીઓની ત્વરિત સારવાર આપશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225